ગુજરાતમિત્ર
આસપાસ ચોપાસ
આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!
મંગળવાર ૧૧ ઑગસ્ટ, ૨૦૨૬

**ગામમાં તમામ જાતિ અને ધર્મના લોકો સુલેહ અને શાંતિથી જીવન વ્યતીત કરે છે, પાટીદાર સમાજના મોટાભાગના પરિવારો વિદેશમાં સ્થાયી**

## બારડોલીને અડીને આવેલું અને સ્માર્ટ સિટીને પણ શરમાવે તેવી અત્યાધુનિક સુવિધાઓ ધરાવતું ગામ

# આફવા



ટાઉન ટૉક

દક્ષિણ ગુજરાતના બારડોલી નગરને અડીને આવેલું આફવા ગામ આજે સમગ્ર રાજ્ય અને દેશ માટે એક આદર્શ અને પ્રેરણાદાયક મોડલ બની ગયું છે. આ ગામના વિકાસની ગાથા માત્ર સરકારી ગ્રાન્ટ પૂરતી સીમિત નથી, પરંતુ તેમાં વતનપ્રેમ, સહકાર, અને આધુનિકતાનો સમન્વય જોવા મળે છે. વિદેશમાં વસતા એનઆરઆઇ અને સ્થાનિક ગ્રામજનોના અતૂટ જોડાણને કારણે આ ગામે વિકાસની જે હરણફાળ ભરી છે, તે ખરેખર અકલ્પનીય છે. સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં બારડોલી-વાંકાનેર રોડ પર આવેલું 'આફવા' ગામ આ વાતનું જીવંત ઉદાહરણ છે. સરકારી યોજનાઓના સુવ્યવસ્થિત અમલીકરણ અને ગામ લોકોના અરસપરસના સહયોગથી આફવા ગામ પ્રગતિના પંથે હરણફાળ ભરી રહ્યું છે. આ ગામ પહેલેથી જ એક આદર્શ અને નમૂનારૂપ ગામ તરીકેની નામના ધરાવે છે. વિશેષ કરીને, ગામના જે વતનીઓ વિદેશમાં વસે છે તેવા NRI દાતાઓના માતબર સહયોગથી ગામે વિકાસની એક નવી જ દિશા કંડારી છે. માદરે વતનનું ઋણ ચૂકવવાની ભાવનાએ આફવા ગામની સિકલ બદલી નાંખી છે. આફવા ગામની સૌથી મોટી તાકાત તેની સામાજિક સમરસતા છે. ગામમાં તમામ જાતિ અને ધર્મના લોકો સુલેહ અને શાંતિથી જીવન વ્યતીત કરે છે. અહીં મુખ્યત્વે હળપતિ, પાટીદાર ધોડિયા પટેલ અને માહ્યાવંશી સમાજનો વસવાટ છે. હળપતિ સમાજના લોકો મોટેભાગે ખેતમજૂરી થકી રોજગારી મેળવીને પોતાનું ગુજરાન ચલાવે છે. બીજી તરફ, પાટીદાર સમાજના મોટાભાગના પરિવારો વિદેશમાં સ્થાયી થયા છે, પરંતુ જેઓ અહીં વસે છે તેઓ અત્યાધુનિક ઢબે ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા છે. અન્ય સમાજના લોકો પણ હળીમળીને રહે છે. આ એક એવું નાનકડું અને રળિયામણું ગામ છે, જ્યાં કોઈ મોટી કે ગંભીર સમસ્યાઓ અસ્તિત્વ ધરાવતી નથી. ખેતી એ આફવા ગામના અર્થતંત્રની કરોડરજ્જુ છે. ગામની ફળદ્રુપ જમીનમાં મહદઅંશે શેરડી, ડાંગર અને વિવિધ પ્રકારના શાકભાજીની ખેતી કરવામાં આવે છે. સિંચાઈ માટે નહેરનું પાણી પૂરતા પ્રમાણમાં અને આસાનીથી ઉપલબ્ધ હોવાથી ખેડૂતોને પાક લેવામાં મોટી રાહત રહે છે. બારડોલીની સાથે સાથે મહુવા અને મઢી સુગર ફેક્ટરી સાવ નજીક હોવાથી વાહનવ્યવહારનો ખર્ચ બચે છે અને તેથી જ ગામના ખેડૂતો રોકડિયા પાક તરીકે શેરડીની ખેતીને વધુ પ્રાધાન્ય આપે છે. વહીવટી અને ભૌગોલિક માળખા પર નજર કરીએ તો આફવા ગામ કુલ નવ જેટલાં ફળિયાંમાં વિસ્તરેલું છે. ગામનો કુલ ભૌગોલિક વિસ્તાર (રકબો) ૫૫૫.૫૩ હેક્ટર્સ જેટલો છે. આફવા ગામની સીમાઓ ઈસરોલી, ગોટાસા, બમરોલી અને ખલી જેવા પાડોશી ગામોને સ્પર્શે છે. ગામનો વહીવટ 'આફવા ગોટાસા ગ્રૂપ ગ્રામ પંચાયત' હેઠળ ખૂબ જ પારદર્શક રીતે કરવામાં આવે છે. બારડોલી નગરથી સાવ નજીક હોવાના કારણે અહીંના ગ્રામજનો શિક્ષણ, આરોગ્ય અને બજારની સુવિધાઓ માટે મહદઅંશે બારડોલી શહેર પર જ આધાર રાખે છે. ગામ બારડોલીથી વાલોડ જતા રાજ્ય ધોરી માર્ગ પર જ વસેલું હોવાથી પરિવહનની ઉત્તમ સુવિધાઓ પ્રાપ્ત છે. ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (એસ.ટી.)ની બસો અહીંથી સમયસર અને નિયમિત ધોરણે પસાર થતી હોવાથી, ગામના ગરીબ અને જરૂરતમંદ વર્ગના લોકો માટે દૈનિક મુસાફરી ખૂબ જ સરળ અને સુવિધાજનક બની છે......




### ગામના પાદરે બનાવેલી જલધારા લોકોની તરસ છીપાવે છે

પહેલાના જમાનામાં આ જ પુણ્ય કમાવવા માટે ગામના પાદરે વટેમાર્ગુઓ માટે માટીના મોટા પાણીનાં માટલાં મૂકીને પરબ બનાવવામાં આવતી હતી. હવે જેમ જેમ સમય અને જમાનો બદલાયો છે, તેમ તેમ આફવા ગામની આ પ્રાચીન પરબના સ્વરૂપમાં પણ આધુનિક બદલાવ આવ્યો છે. હાલમાં આફવા ગામના પાદરે એક અત્યાધુનિક પરબ બનાવવામાં આવી છે. લોકોને ખાસ કરીને ઉનાળાની ગરમીમાં ઠંડું અને એકદમ શુદ્ધ મિનરલ વોટર મળી રહે એ માટે ગામમાં એક વિશેષ 'જલધારા'નું નિર્માણ કરવામાં આવ્યું છે. સમસ્ત ગ્રામજનોના આર્થિક અને શારીરિક સહયોગથી ગામના પ્રવેશદ્વાર એટલે કે પાદરે આ સુંદર જલધારા બનાવવામાં આવી છે. ઉપરાંત સ્થાનિક ગ્રામજનોને પીવા માટે પણ મિનરલ વોટરની સુવિધા અહીં ઉપલબ્ધ બનાવવામાં આવી છે.

### આંખને ટાઢક આપતાં વૃક્ષો

આફવા ગામની સીમ શરૂ થતાં જ ચારેબાજુ હરિયાળી નજરે પડે છે. આસપાસનાં ખેતરોમાં લહેરાતો શેરડીનો પાક લીલોતરીનું સામ્રાજ્ય ફેલાવે છે, તો કેટલાંક ખેતરોમાં લહેરાતું લીલુંછમ ડાંગર ભરઉનાળાની કાળઝાળ ગરમીમાં પણ જોનારની આંખને એક અદભૂત ઠંડક આપે છે. સામાન્ય રીતે ગામડું એટલે આજુબાજુ લીલોતરી હોય જ છે, પરંતુ આફવા ગામના લોકોએ ફળિયાની અંદર પણ આ લીલોતરી કાયમ જળવાઈ રહે એ માટે વિશેષ પ્રયાસો કર્યા છે. ગ્રામજનોના સ્વયંભૂ સહયોગથી ફળિયાંમાં અને રસ્તાની આસપાસ વિપુલ પ્રમાણમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. ગામના આધુનિક વિકાસની સાથે સાથે પર્યાવરણની જાળવણીનો પણ અહીં પૂરેપૂરો ખ્યાલ રાખવામાં આવ્યો છે. રસ્તાની બંને બાજુ કતારબંધ વાવેલાં અને ઉછેરેલાં વૃક્ષો અડીખમ ઊભાં રહીને આંખને ટાઢક આપે છે.



### વસતી વિષયક માહિતી (૨૦૧૧ મુજબ)

વર્ષ-૨૦૧૧ની વસતી ગણતરીના આંકડાકીય અહેવાલ મુજબ આફવા ગામની વસતી વિષયક રૂપરેખા નીચે મુજબ છે. ગામમાં કુલ ૪૯૫ જેટલાં ઘર આવેલાં છે. ગામની કુલ વસતી ૨૨૦૨ છે, જેમાં પુરુષોની સંખ્યા ૧૦૫૮ અને સ્ત્રીઓની સંખ્યા ૧૧૪૪ છે. સામાજિક વર્ગીકરણ મુજબ ગામમાં અનુસૂચિત જાતિના ૧૪૦ લોકો અને અનુસૂચિત જનજાતિના ૧૨૮૮ લોકો વસવાટ કરે છે. શિક્ષણ ક્ષેત્રે ગામનો કુલ સાક્ષરતા દર ૭૩.૧૭ ટકા નોંધાયેલો છે. આ સાક્ષરતા દરમાં પુરુષ સાક્ષરતા દર ૭૭.૪૧ ટકા છે. જ્યારે સ્ત્રી સાક્ષરતા દર ૬૯.૨૬ ટકા રહ્યો છે.

### ગામની દૂધમંડળી પશુપાલકો માટે આશીર્વાદરૂપ

ખેતીની સાથે સાથે આફવા ગામમાં પશુપાલનનો વ્યવસાય પણ ખૂબ જ ફૂલ્યોફાલ્યો છે. ગામમાં 'આફવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી' આવેલી છે. જે પશુપાલકો માટે જીવાદોરીસમાન બની છે. ગામમાં વસતા હળપતિ સમાજ અને અન્ય પશુપાલકો ગાય, ભેંસ જેવા પશુઓ પાળીને સવાર-સાંજ આ મંડળીમાં નિયમિતપણે દૂધ ભરતા આવ્યા છે. આ એકત્રિત થયેલું દૂધ સીધું જ સુમુલ ડેરીને પહોંચાડવામાં આવે છે. પોતાના ગામના પશુપાલકોને તેમના શ્રમનો પોષણક્ષમ ભાવ મળી રહે અને તેમનું આર્થિક શોષણ ન થાય તે માટે મંડળીના સંચાલકો દ્વારા વિશેષ અને અંગત ધ્યાન આપવામાં આવે છે.



### પાટીદાર સમાજના અંદાજિત ૮૦ ટકા લોકો વર્ષોથી વિદેશમાં સ્થાયી

ગામમાં વિવિધ સમાજના લોકો ખૂબ જ પ્રેમ અને શાંતિપૂર્વક પોતાનું જીવન વિતાવી રહ્યા છે. આ ગામની કુલ વસતીમાં સૌથી વધુ સંખ્યા હળપતિ સમાજના લોકોની છે. આ ઉપરાંત ગામમાં પાટીદાર અને માહ્યાવંશી સમાજના પરિવારો પણ વસે છે, જેઓ સુમેળભર્યું વાતાવરણ જાળવી રાખીને ગામની એકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. ગામના આધુનિક વિકાસમાં પાટીદાર સમાજનું અમૂલ્ય યોગદાન છે. પાટીદાર સમાજના અંદાજિત ૮૦ ટકા લોકો વર્ષોથી વિદેશમાં, ખાસ કરીને અમેરિકામાં (USA) સ્થાયી થયા છે. ત્યાં તેઓ પોતાના બિઝનેસ અને નોકરી-ધંધામાં સફળ થયા હોવા છતાં, વતન પ્રત્યેનો તેમનો પ્રેમ અકબંધ છે. માતૃભૂમિનું ઋણ અદા કરવાની ભાવના સાથે તેઓ દર વર્ષે ગામના વિકાસ માટે સતત આર્થિક સહયોગ આપે છે. એનઆરઆઇ (NRI) અને સ્થાનિક લોકોના સહયોગથી વર્ષ ૨૦૧૫-૧૬માં પાટીદાર ફળિયાનું સુંદર બ્યુટિફિકેશન શરૂ કરવામાં આવ્યું હતું. આજે અહીં અંડરગ્રાઉન્ડ વીજતાર, ટેલિવિઝન કેબલ અને ઈન્ટરનેટની સુવિધા છે. બીજી તરફ ગામમાં બહુમતી ધરાવતો હળપતિ સમાજ મુખ્યત્વે ખેતમજૂરી અને પશુપાલનના વ્યવસાય પર નભે છે. આ લોકો ગાય, ભેંસ અને બકરી જેવાં પશુઓ પાળીને મહેનતથી પોતાનું જીવન ગુજરાન ચલાવે છે. જ્યારે માહ્યાવંશી સમાજના મોટા ભાગના લોકો નોકરી તેમજ ખેતી સાથે સંકળાયેલા છે. આમ, વિદેશમાં વસતા પાટીદારો અને ગામના અન્ય સ્થાનિક સમાજોના સંયુક્ત પ્રયાસોથી આ ગામ પ્રગતિ અને ભાઈચારાનું એક આદર્શ મોડલ બની ગયું છે.

### આધુનિક માળખાકીય સુવિધાઓ અને ગ્રામજનોની એકતા

ગામનાં દરેક ફળિયાં અને શેરીઓમાં સિમેન્ટના પાકા અને સ્વચ્છ રસ્તાઓ, શુદ્ધ પીવાના પાણીની સુવિધા, અદ્યતન ગટર લાઈન અને અન્ય આધુનિક માળખાકીય સગવડો સરળતાથી ઉપલબ્ધ છે. ગામના વડીલો અને આગેવાનો ગર્વથી કહે છે કે આ અદભૂત વિકાસ માત્ર આર્થિક ભંડોળથી જ નહીં, પરંતુ તમામ ગ્રામજનોની એકતા અને અતૂટ સહયોગથી જ શક્ય બન્યો છે. આજે પણ આફવા ગામે ગ્રામજનોના સંયુક્ત પ્રયાસોથી પોતાની આદર્શ ગામ તરીકેની ગરિમા અને બિરુદ સફળતાપૂર્વક જાળવી રાખ્યા છે.